सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ કર્યાની તારીખ | ૨૬/૦૭/૨૦૨૩ |
| રજી. કર્યાની તારીખ | ૨૬/૦૭/૨૦૨૩ |
| ફેસલ કર્યાની તારીખ | ૧૧/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | |

| વર્ષ | માસ | દિવસ |
|---|---|---|
| ૦૨ | ૧૦ | ૧૬ |

---

**મે. બીજા એડી.સિની. સિવીલ જજ અને એડી ચીફ જયુ.મેજી.શ્રીની કોર્ટમાં મું.જામનગર**

---

ફોજદારી કેસ નં. ૮૯૫૧/૨૦૨૩

આંક:–

**ફરીયાદી :-** **નરેન્દ્રસિંહ ભીખુભા જાડેજા**
ઉ.વ. ૩૨, ધંધો–ખેતી–વેપાર
રહે. શકતીનગર શેરી નં. ૧,
પોલીસ ચોકીની બાજુમાં,
ખોડીયાર કોલોની, જામનગર

**વિરૂધ્ધ**

**આરોપી :-** **અજય બી. પીઠીયા**
ઉ.વ. ૩૦,
રહે. ગામ-બામણવાડ, તા.માંગરોળ,
જી.જુનાગઢ,
નોકરીનું ઠે. એચ.ડી.એફ.સી. બેંક,
ગ્રાઉન્ડ ફલોર, ટાવર રોડ,
ઓલ્ડ બસ સ્ટેશન, માંગરોળ, જુનાગઢ

**ગુનો :– ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે**

---

ફરીયાદ પક્ષે :– વિ. વકીલ શ્રી વી.જી.ગોહિલ

આરોપી પક્ષે :– વિ. વકીલ શ્રી એ.વી.રાઠોડ

---

## –:ચુકાદો:–

### (૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી જામનગર મુકામે વેપાર ધંધો કરતાં હોય અને ફરીયાદી તેમજ આરોપી એકબીજાના સંબંધ પરીચયમાં આવેલ અને તે રીતે ફરીયાદી તથા આરોપી વચ્ચે ખુબજ સારા વિશ્વાસભર્યા સંબંધો સ્થાપીત થયેલ અને આરોપીને તેઓની અંગત જરૂરીયાત અર્થે નાણાંકીય જરૂરીયાત ઉભી થતાં આરોપીએ ફરીયાદી પાસેથી નાણાંની માંગણી કરતાં ફરીયાદીએ આરોપીને રૂ.૬,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા છ લાખ પુરા) તા.૨૦/૧૨/૨૦૨૨ ના રોજ છ મહીનાના સમયગાળા માટે હાથઉછીના આપેલ. આ કામના ફરીયાદીએ તેઓની લેણી રકમની માંગણી કરતાં આ કામના આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે આઇ.સી.આઇ.સી.આઇ. બેંક, ઇન્દીરા માર્ગ, જામનગર શાખાનો ચેક નં.૦૨૯૫૩૫ નો તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજનો રૂ.૬,૦૦,૦૦૦/– ની રકમનો ફરીયાદીને આપેલ, જે ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં જમા કરાવતાં સદર ચેક તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ "*અપુરતાં ભંડોળ*" ના શેરા સાથે પરત ફરેલ. જેની જાણ ફરીયાદીને થતાં ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીને તેના જણાવેલ સરનામે તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી ચેક પરત ફર્યા અંગેની તથા ચેકમાં જણાવેલ નાણાં ચુકવી આપવા માટે માંગણા નોટીસ મોકલેલી, જે નોટીશ આરોપીને તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ બજી ગયેલ છે. આમ, આ કામના આરોપીએ માંગણા નોટીસમાં જણાવ્યા મુજબ ચેકની રકમ નિર્ધારીત કરેલ સમયમર્યાદામાં ફરીયાદીને ન ચુકવી આરોપીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ (કે જેને હવે પછીથી

ટુંકમાં *"અધિનિયમ, ૧૮૮૧"* તરીકે સંબોધેલ છે) ની કલમ–૧૩૮ અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોય તા.૨૬/૦૭/૨૦૨૩ ના રોજ ફરીયાદીએ આરોપી વિરૂઘ્ધ લેખીત ફરીયાદ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે અને આરોપી વિરૂઘ્ધ અધિનિયમ–૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે શિક્ષાત્મક કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

**(૨) કોર્ટ કાર્યવાહી :–**

આ કામે ફરીયાદીની લેખીત ફરીયાદ તા. ૨૬/૦૭/૨૦૨૩ ના રોજ દાખલ થતાં અદાલત દ્વારા ફરીયાદીની ફરીયાદ સંદર્ભે વેરીફીકેશન નોંધ્યા બાદ અધિનિયમ–૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુનાનું સંજ્ઞાન લઈ ફોજદારી કાર્યરીતી સંહિતા–૧૯૭૩ (કે જેને હવે પછીથી ટુંકમાં *"સંહિતા–૧૯૭૩"* તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૦૪ અન્વયે આરોપી વિરૂઘ્ધ અધિનિયમ–૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના શીક્ષાપાત્ર ગુનાના સમન્સ ઈશ્યુ કરતાં આરોપી તેઓના વિ.વકીલશ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ છે. આ અદાલત ધ્વારા આરોપીને ફરીયાદપક્ષના આધારભુત પુરાવાની નકલ વિનામુલ્યે આપવામાં આવેલાનું સુનિશ્ચિત કર્યા બાદ આરોપીનું ગુના સંબંધે આંક–૦૭ થી નિવેદન નોંધવામાં આવેલ છે, જે નિવેદનમાં આ કામના આરોપી દ્વારા તેના વિરૂઘ્ધના ગુનાનો ઈન્કાર કરવામાં આવેલ છે. આથી સદર કામે આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો:–**

આ કામે ફરીયાદપક્ષે આરોપી વિરૂઘ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે;

## – : મૌખીક પુરાવો :–

| નં. | વિગત | આંક |
| --- | --- | --- |
| ૧. | ફરીયાદી નરેન્દ્રસિંહ ભીખુભા જાડેજાની સોગંદનામાંથી જુબાની | ૦૫ |

## –: દસ્તાવેજી પુરાવા :–

| નં. | વિગત | આંક |
| --- | --- | --- |
| ૧. | ચેક નં. ૦૨૯૫૩૫ ની અસલ | ૧૦ |
| ૨. | ચેક નં. ૦૨૯૫૩૫ નો રીટર્ન મેમો અસલ | ૧૧ |
| ૩. | આરોપીને મોકલાવેલ માંગણા નોટીસની ઓફીસ કોપી | ૧૨ |
| ૪. | આરોપીને માંગણા નોટીસ રજી.પોસ્ટ એડી. કર્યા અંગેની પહોંચ અસલ | ૧૩ |
| ૫. | માંગણા નોટીસ બજી ગયા અંગેનો ટ્રેક કન્સાઇન્મેન્ટ રીપોર્ટ | ૧૪ |

(૪) ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપર મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૫ તથા આંક–૨૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરીયાદપક્ષે પુરાવો બંધ જાહેર કરેલ છે. ત્યારબાદ સદર કામ આરોપીપક્ષના વિશેષ નિવેદન ઉપર રાખવામાં આવેલ. આ કામના આરોપી દ્વારા તેઓના વિશેષ નિવેદન દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે આ કેસમાં સંડોવી દીધેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, તેઓને બચાવના સાહેદ તપાસવા નથી અને સોગંદ ઉપર જુબાની આપવી નથી. આથી, સદર કામ આરોપીપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

(૫) સદર કામે આરોપીપક્ષે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે;

## – : મૌખીક પુરાવો :–

| નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ નિર્મલ સતીષભાઇ સોલંકીની જુબાની | ૨૭ |

## –: દસ્તાવેજી પુરાવા :–

| નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ઓથોરીટી લેટર | ૨૮ |
| ૨. | બેંકર્સ બુકસ ઓફ એવીડન્સ મુજબનું સર્ટીફીકેટ | ૨૯ |
| ૩. | આરોપીનું એકાઉનટ ઓપનીંગ ફોર્મ | ૩૦ |
| ૪. | આરોપીના ખાતાનું તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૩/૨૦૨૪ સુધીનું બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ | ૩૧ |

આરોપીપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપર મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીપક્ષે આંક–૩૨ કલોઝીંગ પુરસીસ રજુ કરી આરોપીપક્ષે પુરાવો બંધ જાહેર કરેલ છે.

(૬) સદર કામે બંન્નેપક્ષે વિ.વ.શ્રી દ્ધારા મૌખીક દલીલો કરવામાં આવેલ છે, જે ધ્યાને લેવામાં આવેલ છે.

(૬.૧) ફરીયાદી તર્ફે વિ.વ.શ્રી દ્ધારા મુખ્યત્વે દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી જામનગર મુકામે વેપાર ધંધો કરતાં હોય અને ફરીયાદી તેમજ આરોપી એકબીજાના સંબંધ પરીચયમાં આવેલ અને તે રીતે ફરીયાદી તથા આરોપી વચ્ચે ખુબજ સારા વિશ્વાસભર્યા

સંબંધો સ્થાપીત થયેલ અને આરોપીને તેઓની અંગત જરૂરીયાત અર્થે નાણાંકીય જરૂરીયાત ઉભી થતાં આરોપીએ ફરીયાદી પાસેથી નાણાંની માંગણી કરતાં ફરીયાદીએ આરોપીને રૂ.૬,૦૦,૦૦૦/- તા.૨૦/૧૨/૨૦૨૨ ના રોજ છ મહીનાના સમયગાળા માટે હાથઉછીના આપેલ. વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદીએ તેઓની લેણી રકમની માંગણી કરતાં આ કામના આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે આઇ.સી.આઇ.સી.આઇ. બેંક, ઇન્દીરા માર્ગ, જામનગર શાખાનો ચેક નં.૦૨૯૫૩૫ નો તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજનો રૂ.૬,૦૦,૦૦૦/- ની રકમનો ફરીયાદીને આપેલ. વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, સદર ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં જમા કરાવતાં સદર ચેક તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ "*અપુરતાં ભંડોળ*" ના શેરા સાથે પરત ફરેલ, જેની જાણ ફરીયાદીને થતાં ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીને તેના જણાવેલ સરનામે તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી ચેક પરત ફર્યા અંગેની તથા ચેકમાં જણાવેલ નાણાં ચુકવી આપવા માટે માંગણા નોટીસ મોકલેલી, જે નોટીશ આરોપીને તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ બજી ગયેલ છે. વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ માંગણા નોટીસમાં જણાવ્યા મુજબ ચેકની રકમ નિર્ધારીત કરેલ સમયમર્યાદામાં ફરીયાદીને ચુકવી આપેલ નહી અને ફરીયાદીએ આ તમામ હકીકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરેલ હોય અને આરોપીએ ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની અનુમાનોનું કોઇ ખંડન કરેલ ન હોય આરોપીને અધિનિયમ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ અન્વયેના શીક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી યોગ્ય તે સજા કરવા વિનંતી કરેલ છે.

(૬.૨) આરોપીપક્ષે વિધ્વાન વકીલશ્રી દ્વારા મુખ્યત્વે દલીલ કરતાં

જણાવેલ છે કે, આ કામનાં ફરીયાદીને આરોપી સામે કોઇ કાયદેસરનું લેણું નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પાસેથી આરોપીએ વ્યાજે નાણાં લીધેલ હતાં અને તે નાણાં આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલ હોવાછતાં જે તે સમયે આરોપીએ ફરીયાદીને જે સીકયોરીટી પેટે ચેક આપેલ હતો તે ચેકનો દુરઉપયોગ કરેલ છે. વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદીએ આરોપીના કોરા ચેકનો દુરઉપયોગ કરેલ છે. વધુમાં દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ તેઓનો સંભવિત બચાવ ફરીયાદીની ઉલટતપાસ કરી રજુ કરેલ છે અને ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની અનુમાનોનું ખંડન કરેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની અરજ કરેલ છે.

(૭) ઉપરોકત કેસની હકીકતો તથા રજુ પુરાવાના આધારે અત્રેની અદાલત સમક્ષ સદર કેસના ન્યાયીક નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે;

: ૧ : શું આ કામના ફરીયાદી એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી અને આરોપી એકબીજાના સંબંધ પરીચયમાં હોય અને આરોપીને તેઓની અંગત જરૂરીયાત અર્થે નાણાંકીય જરૂરીયાત ઉભી થતાં આરોપીએ ફરીયાદી પાસેથી નાણાંની માંગણી કરતાં ફરીયાદીએ આરોપીને રૂ.૬,૦૦,૦૦૦/- તા.૨૦/૧૨/૨૦૨૨ ના રોજ છ મહીનાના સમયગાળા માટે હાથઉછીના આપેલ અને આ કામના ફરીયાદીએ તેઓની લેણી રકમની માંગણી કરતાં આ કામના આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે આઇ.સી.આઇ.સી.આઇ. બેંક, ઇન્દીરા માર્ગ, જામનગર શાખાનો ચેક નં.૦૨૯૫૩૫ નો તા.૨૧/૦૬/૨૦૨૩ ના રોજનો રૂ.૬,૦૦,૦૦૦/- ની રકમનો ફરીયાદીને આપેલ, જે ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં જમા કરાવતાં સદર ચેક

તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ "*અપુરતાં ભંડોળ*" ના શેરા સાથે પરત ફરેલ, જેની જાણ ફરીયાદીને થતાં ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીને તેના જણાવેલ સરનામે તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી ચેક પરત ફર્યા અંગેની તથા ચેકમાં જણાવેલ નાણાં ચુકવી આપવા માટે માંગણા નોટીસ મોકલેલી, જે નોટીશ આરોપીને તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ બજી ગયેલ હોવા છતાં આ કામના આરોપીએ માંગણા નોટીસમાં જણાવ્યા મુજબનું વર્તન નહી કરી આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ,૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે?

:૨: શું આરોપીપક્ષે ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની અનુમાનોનું પોતાનો સંભવિત બચાવ રજુ કરી ખંડન કરેલ છે?

:૩: શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે;

:૧: હકારાત્મક,

:૨: નકારાત્મક,

:૩: આખરી હુકમ મુજબ

**મુદ્દા નં. ૧ અને ૨ પરત્વે પુરાવાકીય મુલ્યાંકન સહિતની વિસ્તૃત ચર્ચા:**

(૯) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ઉપર મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. સૌપ્રથમ મૃદા નં.૧ અને ૨ પરત્વે ફરીયાદપક્ષે રજુ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાની વિસ્તૃત ચર્ચા કરતા અગાઉ અધિનીયમ–૧૮૮૧ ની કલમ– ૧૩૮ કે જે પ્રકરણ ૧૭ માં સમાવીષ્ટ છે અને તે

પ્રકરણ ધારાસભા દ્વારા *ACT-66 of 1988 w.e.f. 1st April 1989* થી સામેલ કરવામાં આવેલ અને આ પ્રકરણને ઘડવા પાછળનો ધારાસભાનો હેતુ અને ઈરાદો જે હતો તેને તાજેતરમાં નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા *Sanjabij Tari Versus Kishore S.Borcar, 2025 (0) AIJEL-SC 75934* ના ચુકાદાના પેરા ૧૧ અને પેરા ૧૪ માં વર્ણન કરતાં જણાવેલ છે કે;

*"11. Having heard learned counsel for the parties, this Court is of the view that it is essential to first outline the scope and intent of Chapter XVII (Sections 138 to 148) of NI Act which has been inserted by Act 66 of 1988 w.e.f. 1st April 1989."*
*"14.Consequently, this Court is of the view that the intent behind introducing Chapter XVII is to restore the credibility of cheques as a trustworthy substitute for cash payment and to promote a culture of using cheques. Further, by criminalizing the act of issuing cheques without sufficient funds or for other specified reasons, the law promotes financial discipline, discourages irresponsible practices and allows for a more sufficient and timely resolution of disputes compared to the previous pure civil remedy which was found to involve the payee in a long-drawn out process of litigation."*
આમ,ઉપરોકત ચુકાદામાં અધિનીયમ,૧૮૮૧ ના પ્રકરણ ૧૭(કલમ-૧૩૮ થી ૧૪૮)ને ઘડવા પાછળનો ધારાસભાનો ઈરાદો વ્યકત કરતાં જણાવેલ છે કે, રોકડ ચુકવણી માટે વિશ્વસનીય વિકલ્પ તરીકે ચેકની વિશ્વસનીયતાને પુન: સ્થાપીત કરવાનો અને ચેકનો ઉપયોગ કરવાની સંસ્કૃતીને પ્રોત્સાહન આપવાનો છે.વધુમાં પુરતાં ભંડોળ વિના અથવા અન્ય ચોકકસ કારણોસર ચેક જારી કરવાના કૃત્યને ગુનાહીત બનાવીને નાણાંકીય શિસ્તતા જાળવવાનો તથા બેજવાબદાર પ્રથાને નીરુત્સાહી કરવા અને દિવાની દાદની સરખામણીમાં તેને વધુ કાર્યક્ષમ બનાવી સમયસર તકરારનું નિવારણ લાવી શકાય અને પક્ષકારને લાંબી કાનુની કાર્યવાહી માંથી પસાર ન થવુ પડે તે માટે ઝડપથી ન્યાય મળી શકે તે ઈરાદો ધારાસભા દ્વારા વ્યકત કરવામાં આવેલ છે. આ કામના આરોપી વિરૂધ્ધ જયારે અધિનીયમ,૧૮૮૧ ની કલમ ૧૩૮ અન્વયેના

શીક્ષાપાત્ર ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે,ત્યારે સદર કાનુની જોગવાઈ અન્વયેના શિક્ષાપાત્ર ગુના માટેના આવશ્યક તત્વો ધ્યાને લેવા અત્યંત જરૂરી છે અને જેથી ચુકાદાની સરળતા ખાતર અધિનીયમની કલમ–૧૩૮ નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે;

*"Section-138 Dishonour of cheque for insufficiency, etc.,of funds in the account:Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both.*
*Provided that nothing contained in this section shall apply unless-*
*(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;*
*(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer of the cheque,within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and*
*(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.*
*Explanation :- " For the purpose of this section, debt of other liability means a legally enforceable debt or other liability."*

આમ,અધિનિયમ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈ સંદર્ભે ફરીયાદપક્ષે તે ગુનો પુરવાર કરવા માટે સદર કલમના આવશ્યક તત્વો અદાલત સમક્ષ સ્પષ્ટપણે પુરાવર કરવાના રહે છે, તે સંદર્ભે આ અદાલતનું ધ્યાન નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા *"Prem Chand Vijay Kumar Vs. Yashpal Singh" reported in 2005 (4) SCC page no-417"* ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા ઉપર

જાય છે. જે ચુકાદામાં નામ.સર્વોચ્ચ અદાલત દ્વારા અધિનીયમ,૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુનાની હકીકત પુરવાર કરવા માટે જે આવશ્યક તત્વો ફરીયાદપક્ષે પુરવાર કરવાના રહે છે, તેની ચર્ચા કરતાં જણાવેલ છે કે,

*"...View in that Context, the following facts are required to be proved successfully prosecute the drawer for an offence under section 138 of the Act:*
*(a) that the cheque was drawn for payment of an amount of money for discharge of a debt/liability and the cheque was dishonoured;*
*(b) that the cheque was presented within the prescribed period;*
*(c) that the payment made a demand for payment of the money by giving a notice in writing to the drawer within the stipulated period; and*
*(d) that the drawer failed to make the payment within 15 days of the receipt of the notice."*

આમ, ઉપરોકત ચુકાદામાં જણાવ્યા મુજબ, ફરીયાદપક્ષે અદાલત સમક્ષ એ હકીકત સ્પષ્ટપણે પુરવાર કરવાની રહે છે કે, આપવામાં આવેલ ચેક આરોપીએ સમગ્ર અથવા અંશત: દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે પોતે નિભાવતો હોય તેવા બેંક ખાતા ઉપરનો ચેક આપવામાં આવેલ હતો અને તેવો ચેક ચુકવણી કર્યા વીના બેંકે પરત કરેલ હતો. વધુમાં એ પણ સ્પષ્ટપણે પુરવાર કરવાનું રહે છે કે, આપવામાં આવેલ ચેક નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં ભરણાં માટે રજુ કરવામાં આવેલ હતો. વધુમાં એ પણ પુરવાર કરવાનું રહે છે કે, ફરીયાદીએ કાયદાથી નિયત કરેલ સમયમર્યાદામાં ચેકનો અસ્વીકાર થયેલાની સાથે ચેકમાં જણાવેલ રકમની માંગણી કરતી માંગણા નોટીસ આરોપીને આપવામાં આવેલ હતી અને તેવી નોટીસ મળ્યા તારીખથી ૧૫ દિવસમાં માંગણા મુજબની રકમ ચુકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ હતો.

(૯.૧) સદર કામે રજુ થયેલ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૫ થી ફરીયાદીની સોગંદનામાં સ્વરૂપમાં જુબાની રજુ કરેલ છે અને તે

જુબાનીમાં પોતાની આંક–૦૧ ની ફરીયાદમાં જણાવેલ તમામ હકીકતોને વળગી રહી ફરીયાદને સમર્થનકારી પુરાવો રજુ કરે છે. સદર કામે ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરવામાં આવેલ છે, તેનું હવે પછીથી વિગતવાર પુરાવકીય મુલ્યાંકન કરવામાં આવેલ છે. વધુમાં બંન્નેપક્ષે પોતાનો કેસ પુરાવાર કરવા માટે જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેને પણ ધ્યાને લેવામાં આવેલ છે તથા પક્ષકારો તર્ફે રજુ નામદાર ઉચ્ચ અદાલત અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ માનભેર વંચાણે લેવામાં આવેલ છે.

(૧૦) ફરીયાદપક્ષે રજુ મૌખીક જુબાની તથા રજુ કરવામાં આવેલ અન્ય દસ્તાવેજોની સાથે સાથે અધિનિયમની કલમ–૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુનાની સાબીતી સંદર્ભે અદાલતે અનુમાનો ફરીયાદીની તરફેણમાં કરવાના હોય છે અને તે મુજબ અધિનિયમ,૧૮૮૧ ની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં તે સંબંધેની જોગવાઇ કરવામાં આવેલ છે. જે કાનુની પ્રબંધો ચુકાદાની સરળતા ખાતર નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે;

*"118: Presumptions as to negotiable instruments: Until the contrary is proved, the following presumptions shall be made:*
*(a) of consideration.that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;*
*(b) as to date.that every negotiable instrument bearing a date was made or drawn on such date;*
*(c) as to time of acceptance.that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;*
*(d) as to time of transfer.that every transfer of a negotiable instrument was made before its maturity;*
*(e) as to order of indorsements. that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;*
*(f) as to stamp.that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;*
*(g) that holder is a holder in due course.that the holder of a*

*negotiable instrument is a holder in due course:*

*Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.*

*139. Presumption in favour of holder.It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability."*

આમ, ઉપરોકત કાનુની પ્રબંધો વંચાણે લેતાં તેમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબના અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાના રહે છે અને તે મુજબ જો એકવાર એમ સાબીત થાય કે, આરોપીએ ફરીયાદીને ચેક આપેલ છે, તેવા સંજોગોમાં આ અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાના રહે છે. જો આરોપીપક્ષ આ અનુમાનોનું ખંડન કરવામાં સફળ રહે તો, આ અનુમાનો ફરીયાદીની તરફેણમાં કરી શકાય નહી. જો કે, ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં અનુમાનનો ગુનો પુરવાર કરવા માટે નિર્ણયાત્મક સાબીત નથી, પરંતુ આવા અનુમાનોને યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં, આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંધ ઉપર જુબાની આપવી જ જોઇએ તેવો કાયદાનો કોઇ નિયમ નથી, પરંતુ આરોપી આવા અનુમાનોનું ખંડન ફરીયાદીની ઉલટતપાસ થકી તથા રેકર્ડ પરના પુરાવા પરથી કરી શકે છે. સદર કામે જયારે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ અધિનિયમ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુનાની હકીકત પુરવાર કરવા ધારેલ છે, ત્યારે કાનુની પ્રબંધો મુજબ ફરીયાદીની તરફેણમાં જે અનુમાન કરવાના રહે છે તે અનુમાન અધિનિયમની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ અન્વયે કરવામાં આવેલ જોગવાઇ મુજબ કરવાના રહે છે તથા જયારે આ અનુમાનો ખંડનાત્મક છે અને આવા અનુમાનોનું આરોપીપક્ષે ખંડન કરવાનું રહે છે, ત્યારે આ અનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા

અનુમાનોનું ખંડન કરવા માટે પુરાવાનો બોજો કોના ઉપર છે, તે બાબતે અત્રેની અદાલતનું ધ્યાન નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા *"Hiten P. Dalal Vs. Bratindranath Banerjee (2001) 6 SCC 16"* ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા ઉપર જાય છે, જે ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે કે;

*"Section 139 provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact. (Paras 20, 21)*

*The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two. In the case of discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which 'might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The*

*words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted."*

(૧૦.૧) અત્રેથી એ નોંધવું જરુરી છે કે, અધિનિયમ,૧૮૮૧ ની કલમ –૧૩૯ અન્વયે કરવામાં આવતાં અનુમાન એ ખંડનાત્મક અનુમાન છે. નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા અધિનિયમની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં કરવામાં આવેલ કાનુની પ્રબંધો સંબંધે અવારનવાર અનેક ચુકાદાઓમાં તેની વિસ્તૃત ચર્ચા કરેલ છે, જેને હવે પછીથી ચુકાદાની સરળતા ખાતર રજુ કરવામાં આવેલ છે. વધુમાં, અત્રેથી એ નોંધ કરવી જરૂરી છે કે, એ કાનુનનો સામાન્ય સિધ્ધાંત છે કે જયારે કાયદામાં ખાસ જોગવાઈ કરીને આરોપી ઉપર પુરાવાનો બોજો મુકવામાં આવેલ હોય અને જયારે કાનુની અનુમાનો આરોપીને દોષિત હોવા અંગેનું કરવાનું હોય છે ત્યારે નામદાર સર્વોચ્ચ અદાલતના ત્રણ માનનીય ન્યાયાધીશની ખંડપીઠ ધ્વારા *"Kali Ram Vs. State of Himachal Pradesh,(1973) 2 SCC 808"* ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પેરા ૨૨ માં નીચે મુજબ અવલોકન કરેલ છે;

*"22. ………One of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by the prosecution by production of evidence as may show him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumptions arise regarding the guilt of the accused, but the burden even in those cases is upon the prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist, the Court can raise the statutory presumption and it would, in*

*such an event, be for the accused to rebut the presumption. The onus even in such cases upon the accused is not as heavy as is normally upon the prosecution to prove the guilt of the accused. If some material is brought on the record consistent with the innocence of the accused which may reasonably be true, even though it is not positively proved to be true, the accused would be entitled to acquittal."*

(૧૦.૨) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા *Bharat Barrel & Drum Manufacturing Company Vs. Amin Chand Pyarelal, (1999) 3 SCC 35* માં અધિનિયમની કલમ–૧૧૮(એ) ની ચર્ચા કરતાં ઠરાવેલ છે કે, એક વખત વચનચિઠ્ઠીની બજવણી સ્વીકૃત હોય ત્યારબાદ કલમ–૧૧૮(એ) અન્વયે એવું અનુમાન કરી શકાય કે તેને અવેજથી સમર્થન પ્રાપ્ત થાય છે. આ અનુમાન ખંડન થઇ શકે તેવું અનુમાન છે અને પ્રતિવાદી તેવા અનુમાનનું સંભવિત બચાવ રજુ કરીને ખંડન કરી શકે છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સદર ચુકાદાના પેરા ૧૨ માં અવલોકન કરેલ છે કે;

*"12. Upon consideration of various judgments as noted hereinabove, the position of law which emerges is that once execution of the promissory note is admitted, the presumption under Section 118(a) would arise that it is supported by a consideration. Such a presumption is rebuttable. The defendant can prove the non-existence of a consideration by raising a probable defence. If the defendant is proved to have discharged the initial onus of proof showing that the existence of consideration was improbable or doubtful or the same was illegal, the onus would shift to the plaintiff who will be obliged to prove it as a matter of fact and upon its failure to prove would disentitle him to the grant of relief on the basis of the negotiable instrument. The burden upon the defendant of proving the non-existence of the consideration can be either direct or by bringing on record the preponderance of probabilities by reference to the circumstances upon which he relies. In such an event, the plaintiff is entitled under law to rely upon all the evidence led in the case including that of the plaintiff as well. In case, where the defendant fails to discharge the initial onus of proof by showing the non-existence of the consideration, the plaintiff would invariably be held entitled to the benefit of presumption arising under Section 118(a) in his favour. The court may not insist upon the defendant to disprove the existence of consideration by leading direct evidence as the existence of*

*negative evidence is neither possible nor contemplated and even if led, is to be seen with a doubt. The bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting the benefit of shifting the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring on record such facts and circumstances upon consideration of which the court may either believe that the consideration did not exist or its nonexistence was so probable that a prudent man would, under the circumstances of the case, shall act upon the plea that it did not exist……"*

(૧૦.૩) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા *M.S. Narayana Menon Alias Mani Vs. State of Kerala and Another, (2006) 6 SCC 39* ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં અધિનિયમની કલમ–૧૧૮(એ), કલમ–૧૩૮ તથા કલમ–૧૩૯ ના કાનુની પ્રબંધો ની વિસ્તૃત ચર્ચા કરતાં પ્રસ્થાપીત કરેલ છે કે, કલમ–૧૧૮(એ) અને કલમ–૧૩૯ અન્વયેના અનુમાનો એ ખંડનાત્મક અનુમાનો છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા સદર ચુકાદામાં *"may presume"* અને *"shall presume"* શબ્દના અર્થની વિસ્તૃત છણાવટ કરતાં સદર ચુકાદાના પેરા-૨૮ માં અવલોકન કરેલ છે કે;

*"28. What would be the effect of the expressions "may presume", 'shall presume" and "conclusive proof" has been considered by this Court in Union of India v. Pramod Gupta, (2005) 12 SCC 1, in the following terms: (SCC pp. 30-31, para 52) "It is true that the legislature used two different phraseologies 'shall be presumed' and 'may be presumed' in Section 42 of the Punjab Land Revenue Act and furthermore although provided for the mode and manner of rebuttal of such presumption as regards the right to mines and minerals said to be vested in the Government vis-Ã -vis the absence thereof in relation to the lands presumed to be retained by the landowners but the same would not mean that the words 'shall presume' would be conclusive. The meaning of the expressions 'may presume' and 'shall presume' have been explained in Section 4 of the Evidence Act, 1872, from a perusal whereof it would be evident that whenever it is directed that the court shall presume a fact it shall regard such fact as proved unless disproved. In terms of the said provision, thus, the expression 'shall*

*presume' cannot be held to be synonymous with 'conclusive proof'."*

આમ, ઉપરોકત ચુકાદાના પેરા–૨૮ માં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા એવું ઠરાવવામાં આવેલ છે કે, *"shall presume"* શબ્દ *"conclusive proof"* શબ્દનો સમાનાર્થી શબ્દ હોઈ શકે નહી. વધુમાં સદર ચુકાદામાં પુરાવા અધિનિયમની કલમ–૦૩ માં ઉલ્લેખ *"proved"* અને *"disproved"* શબ્દને સંદર્ભમાં રાખી તેની વિસ્તૃત ચર્ચા કરતા પેરા–૩૦ માં નીચે મુજબ અવલોકન કરેલ છે;

*"30. Applying the said definitions of "proved" or "disproved" to the principle behind Section 118(a) of the Act, the court shall presume a negotiable instrument to be for consideration unless and until after considering the matter before it, it either believes that the consideration does not exist or considers the non-existence of the consideration so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that the consideration does not exist. For rebutting such presumption, what is needed is to raise a probable defence. Even for the said purpose, the evidence adduced on behalf of the complainant could be relied upon."*

વધુમાં સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા એ પણ અવલોકન કરવામાં આવેલ છે કે, આરોપીને સંભવીત બચાવ રજુ કરવા માટે સીધો પુરાવો આપવો જ તેવું જરૂરી નથી. ફરીયાદી દ્વારા જે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ હોય તે પુરાવા પર આધાર રાખીને પણ અનુમાનોનું ખંડન કરી શકે છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સદર ચુકાદાના પેરા–૩૨ માં અવલોકન કરતાં જણાવેલ છે કે;

*"32. The standard of proof evidently is preponderance of probabilities. Inference of preponderance of probabilities can be drawn not only from the materials on record but also by reference to the circumstances upon which he relies."*

(૧૦.૪) આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા *Rangappa Vs. Sri Mohan, (2010) 11 SCC 441* માં કરવામાં આવેલ અવલોકનો

ધ્યાને લેવા અત્યંત જરુરી છે અને તેથી હાલના ચુકાદાના સરળતા ખાતર નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા સદર ચુકાદાના પેરા-૨૬ થી પેરા-૨૮ માં કરવામાં આવેલ અવલોકન નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે;

*"26. In light of these extracts, we are in agreement with the respondent claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat, (2008) 4 SCC 54 may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it was based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant."*

*"27. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However,it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the defendant-accused cannot be expected to discharge an unduly high standard of proof.*

*28. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of "preponderance of probabilities". Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of*

*his/her own."*

(૧૦.૫) નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા *Baslingappa Vs. Mudibasappa 2019 (5) SCC 418* ઉપર પ્રસીધ્ધ થયેલ ચુકાદામાં *Kali Ram Vs. State of Himachal Pradesh,(1973) 2 SCC 808, Bharat Barrel & Drum Manufacturing Company Vs. Amin Chand Pyarelal, (1999) 3 SCC 35, M.S. Narayana Menon Alias Mani Vs. State of Kerala and Another, (2006) 6 SCC 39, Krishna Janardhan Bhat Vs. Dattatraya G. Hegde, (2008) 4 SCC 54, Kumar Exports Vs. Sharma Carpets, (2009) 2 SCC 513, Rangappa Vs. Sri Mohan, (2010) 11 SCC 441)* ના ચુકાદાઓને ધ્યાનમાં રાખી સદર ચુકાદાના પેરા નં. ૨૩ માં જણાવેલ છે કે;

*" 23. We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:-*
*(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.*
*(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.*
*(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.*
*(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.*
*(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.*

આમ, ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપીત સિધ્ધાંતો ધ્યાને લેતાં તથા અધિનિયમની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં કરવામાં આવેલ કાનુની અનુમાનો સંબંધીત જોગવાઇ ધ્યાને લેતાં જયારે આ કાનુની અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે છે, ત્યારે

આરોપી સદર અનુમાનોનું ખંડન કેવી રીતે અને કઇ પધ્ધતીથી કરી શકે છે તે ઉપર જણાવ્યા અનુસાર નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોથી જણાવેલ છે તે મુજબની હકીકત ધ્યાને રાખી ફરીયાદપક્ષે રજુ પુરાવાઓનું મુલ્યાંકન હવે પછીથી કરવામાં આવેલ છે.

**(૧૧)** સદર કામે ફરીયાદપક્ષે રજુ હકીકત તથા રેકર્ડ પરનો પુરાવો વંચાણે લેતાં આ કામે ફરીયાદપક્ષે આંક–૦૫ થી ફરીયાદીનું સરતપાસનું સોગંધનામું રજુ કરવામાં આવેલ છે અને જેમાં મુખ્યત્વે તેઓએ આંક–૦૧ ની ફરીયાદની હકીકતનું પુનરાવર્તન કરેલ છે. સદર કામે રજુ પુરાવાની વિસ્તૃત ચર્ચા કરતાં અગાઉ સદર કેસમાંની એવી હકીકતો કે જે નિર્વીવાદીત છે, તેને અત્રેથી રજુ કરવામાં આવેલ છે, તે મુજબ આંક–૧૦ થી રજુ ફરીયાદવાળો ચેક આરોપીના બેંક ખાતાનો છે અને તે ચેકમાં આરોપીની સહી છે. એ હકીકત પણ બીનતકરારી છે કે, ફરીયાદવાળો ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં જમાં કરાવતાં સદર ચેક તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ *"અપુરતાં ભંડોળ"* ના શેરા સાથે પરત ફરેલ. એ હકીકત પણ બિનતકરારી છે કે, ફરીયાદવાળો ચેક વણચુકવ્યે પરત ફર્યા બાદ ફરીયાદીએ આરોપીને તેના જણાવેલ સરનામે તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ રજી. પોસ્ટ એડી.થી માંગણા નોટીશ મોકલાવેલ, જે માંગણા નોટીસ આરોપીને તા.૨૬/૦૭/૨૦૨૩ ના રોજ બજી ગયેલ. એ હકીકત પણ બીનતકરારી છે કે, આ કામના આરોપીએ ફરીયાદીની માંગણા નોટીસનો કોઇ જવાબ આપેલ નથી.

**(૧૧.૧)** સદર કામે બંન્નેપક્ષે રજુ પુરાવો ધ્યાને લેતાં આ કામના ફરીયાદીની હકીકત મુજબ આ કામના આરોપી સાથે તેઓને સંબંધ પરીચય હોય અને આરોપીને અંગત જરૂરીયાત અર્થે નાણાંની

જરૂરીયાત ઉપસ્થીત થતાં ફરીયાદી પાસેથી સંબંધદાવે હાથઉછીની રકમ રૂ.૬,૦૦,૦૦૦/– ની માંગણી કરતાં આરોપીને મદદરૂપ થવાના ઈરાદે ફરીયાદીએ આરોપીને રૂ.૬,૦૦,૦૦૦/– હાથઉછીના આપેલ. ફરીયાદપક્ષની આ હકીકત સંદર્ભે આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસ થકી એવી કોઈ મહત્વની હકીકત મેળવી શકેલ નથી કે જેથી ફરીયાદીની એવી હકીકત કે, તેઓને આરોપી સાથે સંબંધ પરીચય છે તે હકીકત શંકાશીલ બનતી હોય. ફરીયાદીની હકીકત મુજબ આ કામના આરોપીએ તેના કાયદેસરના દેવાનો સ્વીકાર કરી ફરીયાદીને આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, ઈન્દીરા માર્ગ, જામનગર શાખાનો રૂ.૬,૦૦,૦૦૦/– નો ચેક નં. ૦૨૯૫૩૫ નો તા.૨૧/૦૬/૨૦૨૩ ના રોજનો આપેલ, જે ચેક ફરીયાદીએ તેઓના બેંક ખાતામાં વસુલાત માટે રજુ કરતાં સદર ચેક તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ *"અપુરતાં ભંડોળ"* ના શેરા સાથે પરત ફરેલ. ફરીયાદપક્ષે તેઓની આ હકીકત સંદર્ભે આંક–૧૦ થી ફરીયાદવાળા ચેકની અસલ તથા આંક–૧૧ થી ચેક રીટર્ન મેમો અસલ રજુ કરેલ છે. અત્રેથી એ હકીકતની નોંધ કરવી જરૂરી છે કે, આરોપીપક્ષે ઈન્સાફી કાર્યવાહીના કોઈ પણ તબકકે ફરીયાદવાળો ચેક તેઓના બેંક ખાતાનો નથી તથા ફરીયાદવાળા ચેકમાં તેઓની સહી નથી તેવી કોઈ તકરાર ઉપસ્થિત કરેલ નથી. વધુમાં આરોપીપક્ષે એવી પણ કોઈ હકીકત રજુ કરેલ નથી કે, જે દિવસે ફરીયાદીએ ફરીયાદવાળો ચેક તેઓની બેંકમાં રજુ કરેલ તે દિવસે આરોપીના બેંક ખાતામાં ચેકમાં જણાવેલ રકમ જેટલું પુરતું ભંડોળ હતું. આ સંજોગોમાં ફરીયાદવાળા ચેકમાં આરોપીની સહી છે તે સ્વીકૃત હકીકત છે. આથી, જયારે ફરીયાવાળા ચેકમાંની સહી આરોપીપક્ષે સ્વીકૃત છે, ત્યારે આ અદાલતનું ધ્યાન નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા *Sanjabij Tari Versus Kishore S.Borcar, 2025 (0) AIJEL-SC 75934* ના ચુકાદાના પેરા ૧૫ થી ૧૭ માં કરેલ

અવલોકન ઉપર જાય છે, જે આ ચુકાદાની સરળતા ખાતર નીચે મુજબ રજુ કરવામાં આવે છે;

*"ONCE EXECUTION OF CHEQUE IS ADMITTED, PRESUMPTIONS UNDER SECTIONS 118 AND 139 OF THE NI ACT ARISE:-*
*15. In the present case, the cheque in question has admittedly been signed by the Respondent No.1- Accused. This Court is of the view that once the execution of the cheque is admitted, the presumption under Section 118 of the NI Act that the cheque in question was drawn for consideration and the presumption under Section 139 of the NI Act that the holder of the cheque received the said cheque in discharge of a legally enforceable debt or liability arises against the accused. It is pertinent to mention that observations to the contrary by a two Judges Bench in Krishna Janardhan Bhat vs. Dattatraya G. Hegde, (2008) 4 SCC 54 have been set aside by a three Judges Bench in Rangappa (supra).*
*16. This Court is further of the view that by creating this presumption, the law reinforces the reliability of cheques as a mode of payment in commercial transactions.*
*17. Needless to mention that the presumption contemplated under Section 139 of the NI Act, is a rebuttable presumption. However, the initial onus of proving that the cheque is not in discharge of any debt or other liability is on the accused/drawer of the cheque [See: Bir Singh vs. Mukesh Kumar, (2019) 4 SCC 197 ]"*

આમ, ઉપરોકત ચુકાદામાં કરેલા અવલોકન તથા હાથ પરના કેસની હકીકત ધ્યાને લેતાં જયારે આરોપીપક્ષે ફરીયાદવાળા ચેકમાંની તેઓની સહીનો સ્વીકાર કરેલ છે અને સદર ચેક તેઓના બેંક ખાતાનો છે અને ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ સદર ચેક ફરીયાદીએ તેઓના બેંક ખાતામાં જમાં કરાવતાં તે વણચુકવ્યે પરત ફરેલ ત્યારે અધિનીયમ, ૧૮૮૧ ની કલમ ૧૧૮ અને કલમ ૧૩૯ અન્વયેના કાનુની અનુમાનો ફરીયાદીની તરફેણમાં કરવાના રહે છે અને એ આરોપીની ફરજ છે કે તેઓ સદર અનુમાનોનું ખંડન કરતી હકીકત તથા પુરાવા અદાલત સમક્ષ રજુ કરે. આ કામના આરોપી દ્વારા સદર કાનુની અનુમાનોનું ખંડન કરવા માટે એવી હકીકત રજુ કરેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી ફરીયાદીના

કથન મુજબની કોઇ રકમ હાથઉછીની લીધેલ નથી અને તેઓએ ફરીયાદી પાસેથી વ્યાજેથી નાણાં લીધેલ જે નાણાં ફરીયાદીને પરત ચુકવી આપી દીધેલ હોવાછતાં આરોપીનો ફરીયાદી પાસે પડી રહેલ ચેકનો દુરઉપયોગ કરેલ છે. આરોપીપક્ષની આ તકરાર સંદર્ભે ફરીયાદીને આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતાં આ કામના ફરીયાદી દ્વારા ઉલટતપાસ દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, *"મારે વેપારમાં ખેતીની જમીનની ઉપજની આવક તથા નાણાં ધીરધારની આવક છે." "મારે જય માતાજી એન્ટ. નામથી નાણાં ધીરધારની પેઢીનું લાયસન્સ છે." "આ જય માતાજી એન્ટ. ની પેઢી સને-૨૦૧૬ થી અસ્તીત્વમાં છે." "એ વાત ખરી છે કે, આ પેઢીમાં સને-૨૦૧૬ થી વ્યવહાર થાય છે." "મારે આરોપી સાથે હાલના ફરીયાદવાળા વ્યવહાર પહેલા નાણાંના વ્યવહાર થયેલા, હાલની ફરીયાદવાળા વ્યવહાર પછી કોઇ નાણાંનો વ્યવહાર થયેલ નથી." "એ વાત ખરી છે કે, આરોપી સાથે હાલની ફરીયાદવાળા નાણાંકીય વ્યવહાર પહેલા જે વ્યવહાર કરેલા તે નાણાંકીય વ્યવહાર સને-૨૦૧૮ થી લઇને સને-૨૦૨૨ સુધીના આવા વ્યવહાર બેંક સ્ટેટમેન્ટમાં જોઇ શકાય." "એ વાત ખરી છે કે, આરોપી સાથે હાલની ફરીયાદવાળા નાણાંકીય વ્યવહાર પહેલા જે વ્યવહાર કરેલા તે નાણાંકીય વ્યવહાર સને-૨૦૧૮ થી લઇને સને-૨૦૨૨ સુધીના આવા વ્યવહાર ઇન્કમટેક્ષ રીટર્નમાં જોઇ શકાય." "એ વાત ખરી છે કે, હાલની ફરીયાદના કામે સને-૨૦૧૮ થી સને-૨૦૨૨ દરમ્યાનના આવક વેરાના કોઇ ઉતારા રજુ કરેલ નથી." "હું મારા સને-૨૦૧૮ થી સને-૨૦૨૨ દરમ્યાનના આવક વેરાના ઉતારા જરૂર લાગ્યે રજુ કરી શકુ." "એ વાત ખરી છે કે, મે તા.૨૨/03/૨૦૨૨ ના રોજ આરોપીને મારી બેંકમાંથી રૂપીયા એક લાખ બાર હજાર પાંચસો આપેલા." "આ નાણાં મે આરોપીને જરૂર હોય તેના માટે આપેલા હતાં." "આ નાણાંની આરોપીએ*

*માંગણી રૂબરૂમાં કરી હતી કે મોબાઇલ દ્વારા તે મને યાદ નથી." "મે આરોપીને રૂપીયા એક લાખ બાર હજાર પાંચસો આપેલા ત્યારે કોઈ ચેક લીધેલો ન હતો." "આરોપીએ મને રૂપીયા એક લાખ બાર હજાર પાંચસો પરત કયારે આપેલા તે મને યાદ નથી." "એ વાત ખરી છે કે, આરોપીએ મને રૂપીયા એક લાખ બાર હજાર પાંચસો પરત કરેલા." "એ વાત મને હાલમાં યાદ નથી કે, તા.૧૬/૦૫/૨૦૨૨ ના રોજ આરોપીને મે મારા બેંકના ખાતામાંથી રૂપીયા એક લાખ એસી હજાર આપેલા તે આરોપીએ મને કયારે પરત આપેલા." "મે આરોપી સાથે સને-૨૦૧૮ થી લઈને સને-૨૦૨૨ સુધી રોકડ તથા બેંક મારફત કુલ કેટલા રૂપીયાનો વ્યવહાર કરેલ તે હું ચોકકસ કહી શકુ નહી." "સને-૨૦૧૮ થી સને-૨૦૨૨ સુધીના આરોપી સાથે કરેલ રોકડ વ્યવહાર હું મારા ઈન્કમટેક્ષ રીટર્નમાં જોઈને કહી શકુ. જે નામ. અદાલતમાં જરૂર પડયે રજુ કરી શકુ." "એ વાત ખરી છે કે, તા.૧૫/૦૧/૨૦૨૨ ના રોજ આરોપીએ રૂપીયા આઠ હજાર, તા.૧૫/૦૨/૨૦૨૨ ના રોજ આરોપીએ રૂપીયા આઠ હજાર તથા તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજ આરોપીએ રૂપીયા આઠ હજાર ગુગલ પે થી મારા ખાતામાં જમા કરાવેલા." "એ વાત ખરી છે કે, તા.૨૫/૦૩/૨૦૨૨ ના રોજ આરોપીએ રૂપીયા દસ હજાર ગુગલ પે થી મારા ખાતામાં જમા કરાવેલા."* આમ, આરોપીપક્ષની તકરાર તથા ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન ખુલવા પામેલ હકીકત મુજબ એ હકીકત સ્પષ્ટ છે કે, આ કામના ફરીયાદી અને આરોપી વચ્ચે હાલના નાણાંકીય વ્યવહાર અગાઉ પણ નાણાંકીય વ્યવહાર થયેલ અને ખુદ ફરીયાદીને ઉલટતપાસ દરમ્યાન સ્વીકારેલ હકીકત મુજબ આ કામના આરોપીને તેઓએ તા.૨૨/૦૩/૨૦૨૨ ના રોજ રૂ.૧,૧૨,૫૦૦/- (અંકે રૂપીયા એક લાખ બાર હજાર પાંચસો પુરા) અને તા. ૧૬/૦૫/૨૦૨૨ ના રોજ આરોપીને રૂ.૧,૮૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ એસી હજાર પુરા)

તેઓના બેંક ખાતામાંથી આપેલા. આ કામના આરોપીની હકીકત મુજબ તેઓ સદર નાણાં ફરીયાદીને પરત ચુકવી આપેલ છે. વધુમાં આ કામના ફરીયાદી દ્વારા તેઓની ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપીએ તા.૧૫/૦૧/૨૦૨૨ ના રોજ રૂ.૮,૦૦૦/-, તા.૧૫/૦૨/૨૦૨૨ ના રોજ રૂ.૮,૦૦૦/-, તા.૧૬/૦૩/૨૦૨૨ ના રોજ રૂ.૮,૦૦૦/- અને તા.૨૫/૦૩/૨૦૨૨ ના રોજ રૂ.૧૦,૦૦૦/- ગુગલ પે થી ફરીયાદીના ખાતામાં જમા કરાવેલ. અત્રેથી એ હકીકતની નોંધ કરવી જરૂરી છે કે, આ કામના ફરીયાદી દ્વારા તેઓની ફરીયાદ તથા આરોપીને મોકલેલ માંગણા નોટીસ તથા તેઓના સોગંદનામાંથી રજુ સરતપાસમાં એ હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓએ આરોપીને તા.૨૦/૧૨/૨૦૨૨ ના રોજ ૬ મહીનાના સમયગાળા માટે રૂ.૬,૦૦,૦૦૦/- હાથઉછીના આપેલ. ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન એ હકીકત સ્પષ્ટપણે ખુલવા પામેલ છે કે, આ કામના ફરીયાદી અને આરોપી વચ્ચે હાલના નાણાંકીય વ્યવહાર અગાઉ પણ નાણાંકીય વ્યવહાર થયેલા છે, પરંતુ એક માત્ર આ કામના આરોપીએ અમુક તારીખોમાં અમુક રકમ ગુગલ પે થી ફરીયાદીના બેંક ખાતામાં જમા કરાવેલ તેટલા માત્રથી ફરીયાદીને આરોપી પાસેથી કોઇ કાયદેસરનું લેણું નથી તેવું કહી શકાય નહી. ખાસ કરીને જયારે આ કામના ફરીયાદી એવી સ્પષ્ટ હકીકત સાથે અદાલત સમક્ષ આવેલ હોય કે, તેઓએ આરોપીને તા.૨૦/૧૨/૨૦૨૨ ના રોજ રૂ.૬,૦૦,૦૦૦/- છ મહીનાના સમયગાળા માટે હાથઉછીના આપેલ અને તા.૨૦/૧૨/૨૦૨૨ બાદ આ કામના આરોપીએ ફરીયાદીના બેંક ખાતામાં કે ફરીયાદીને રૂબરૂમાં રોકડેથી કોઇ રકમ ચુકવી આપેલ હોય તેવો કોઇ આરોપીનો બચાવ ન હોય. આ કામના આરોપી દ્વારા જે કોઇ ફરીયાદીના બેંક

ખાતામાં ગુગલ પે થી જમા કરાવેલ છે તે તમામ રકમ હાલના ફરીયાદવાળા વ્યવહાર અગાઉ જમા કરાવેલ છે અને ફરીયાદી અને આરોપી વચ્ચે હાલના નાણાંકીય વ્યવહાર અગાઉ પણ નાણાંકીય વ્યવહારો થયેલાની હકીકત ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન ખુલવા પામેલ છે. આ સંજોગોમાં આ કામના આરોપી દ્વારા ફરીયાદીને ગુગલ પે થી જે નાણાં ચુકવવામાં આવેલ હતાં તે નાણાં હાલના ફરીયાદવાળા વ્યવહાર પેટે ચુકવવામાં આવેલ હતાં તેવું કહી શકાય નહી. વધુમાં સદર નાણાં આરોપીએ ફરીયાદીને વ્યાજ પેટે ચુકવી આપેલ હતાં તેવું કહી શકાય નહી કારણ કે, તેવો કોઇ સ્પષ્ટ પ્રશ્ન આ કામના આરોપી દ્વારા ફરીયાદીને કરવામાં આવેલ નથી કે, આરોપીએ ગુગલ પે થી જે નાણાં ફરીયાદીના બેંક ખાતામાં જમા કરાવેલ તે આરોપીએ ફરીયાદી પાસેથી કોઇ વ્યાજેથી નાણાં લીધેલ હતાં તેના વ્યાજ પેટેની ચુકવણીની રકમ હતી. આ કામના આરોપી દ્વારા એવો બચાવ ઉપસ્થીત કરેલ છે કે, તેઓએ ફરીયાદી પાસેથી વ્યાજેથી જે રકમ લીધેલ હતી તે રકમ લેતાં સમયે ફરીયાદીને સીકયોરીટી પેટે ચેક આપેલ હતાં અને તે રકમ આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલ હોવાછતાં તે ચેક ફરીયાદીએ પરત કરેલ નહી અને આરોપીના ચેકનો દુરઉપયોગ કરેલ છે. આ કામના આરોપીપક્ષે જે બચાવ ઉપસ્થીત કરેલ છે તે સંદર્ભે રજુ પુરાવા વંચાણે લેતાં જો હકીકતમાં આરોપીએ ફરીયાદી પાસેથી હાલના નાણાંકીય વ્યવહાર અગાઉ વ્યાજેથી નાણાં લીધેલ હતાં અને તે રકમ આરોપીએ પરત આપી દીધેલ હતી તો તે પેટે જે ચેક ફરીયાદીને આપેલ હતો તે ચેકની પરત માંગણી આ કામના આરોપી ફરીયાદી પાસેથી કરી શકે તેમ હતાં પરંતુ તેવી કોઇ લેખીત નોટીસ આપીને ચેકની પરત માંગણી કરવામાં આવેલ હોય તેવી કોઇ આરોપીની હકીકત નથી. વધુમાં આ કામના આરોપીએ હકીકતમાં ફરીયાદી સાથે અગાઉના નાણાંકીય વ્યવહારના સીકયોરીટી પેટે ફરીયાદવાળો ચેક આપેલ

હતો અને તે નાણાંકીય વ્યવહાર આરોપીએ પુર્ણ કરી દીધેલ હતો તેવા સંજોગોમાં આ કામના આરોપી સંબંધીત બેંકમાં અરજી કરી તે ચેકનું પેમેન્ટ સ્ટોપ કરાવી શકે તેમ હતાં તથા ફરીયાદી વિરૂધ્ધ પોલીસ ફરીયાદ પણ કરી શકે તેમ હતાં પણ તેવી કોઇ કાર્યવાહી આરોપીપક્ષે કરવામાં આવેલ હોય, તેવું કાંઇ જણાતું નથી. આ સંજોગોમાં એકમાત્ર બચાવ ઉપસ્થીત કરવા માત્રથી અને ફરીયાદીની હકીકતોનો ઇન્કાર કરવા માત્રથી આરોપી પોતાનો સંભવીત બચાવ રજુ કરવામાં સફળ થયેલ છે તેવું કહી શકાય નહી. વધુમાં, ફરીયાદીની હકીકત મુજબ ફરીયાદવાળો ચેક આંક–૧૧ થી રજુ રીટર્ન મેમોની વિગતે વણચુકવ્યે પરત ફર્યા બાદ ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી માફરતે આરોપીને તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ આરોપીના જણાવેલ સરનામે માંગણા નોટીશ મોકલેલ, જે માંગણા નોટીશ આરોપીને તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ બજી ગયેલ. ફરીયાદપક્ષે તેઓની આ હકીકત સંદર્ભે આંક–૧૨ થી માંગણા નોટીશની ઓફીસ કોપીની નકલ, આંક–૧૩ થી માંગણા નોટીશ રજી.પોસ્ટ એડી. કર્યાની રીસીપ્ટ તથા આંક–૧૪ થી માંગણા નોટીસ બજી ગયા અંગેનો ટ્રેક કન્સાઇનમેન્ટ રીપોર્ટની નકલ રજુ કરેલ છે. આ કામના આરોપીપક્ષે ઇન્સાફી કાર્યવાહીના કોઇ પણ તબકકે ફરીયાદી દ્વારા આરોપીને મોકલવામાં આવેલ માંગણા નોટીશ આરોપીના સાચા સરનામે મોકલેલ નથી કે જે સરનામે માંગણા નોટીસ મોકલેલ છે તે સરનામે તેઓ રહેતા નથી અને અન્ય જગ્યાએ રહે છે, તે મતલબની કોઇ તકરાર ઉપસ્થિત કરેલ નથી. આથી, ફરીયાદી દ્વારા અધિનીયમ–૧૮૮૧ ની કલમ ૧૩૮(બી) અન્વયે કરવામાં આવેલ આદેશાત્મક જોગવાઇનું પાલન કરવામાં આવેલ છે. આ કામના આરોપી દ્વારા જે બચાવ ઉપસ્થીત કરવામાં આવેલ છે, તે ધ્યાને લેતાં જો હકીકતમાં આ કામના આરોપીએ ફરીયાદી સાથે ફરીયાદીના કથન મુજબનો કોઇ નાણાંકીય વ્યવહાર

કરેલ ન હતો અને ફરીયાદી પાસેથી અગાઉ જે વ્યાજે નાણાં લીધેલ હતાં તે સમયે ફરીયાદવાળો ચેક ફરીયાદીને આપેલ હતો અને તે નાણાંકીય વ્યવહાર પુર્ણ થઇ ગયેલ હોવાછતાં ફરીયાદીએ આરોપીનો ચેક પરત આપેલ નહી અને તે ચેકનો દુરઉપયોગ કરેલ છે તો તેવા સંજોગોમાં જો આરોપીનો ચેક વણચુકવ્યે પરત ફરેલ હોય અને ફરીયાદીએ આરોપીને માંગણા નોટીશ મોકલેલ હોય અને તે માંગણા નોટીશ આરોપીને બજી ગયેલ હોય ત્યારે આરોપીએ તેઓના બચાવ મુજબ ફરીયાદીની માંગણા નોટીશનો જવાબ આપવો જોઇએ અને જો આરોપી તેમ કરવામાં નિષ્ફળ જાય તો આરોપીની વિરૂધ્ધમાં પ્રતિકુળ અનુમાન કરી શકાય. આ સંદર્ભે આ અદાલતનું ધ્યાન નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા *Sanjabij Tari Versus Kishore S.Borcar, 2025 (0) AIJEL-SC 75934* ના ચુકાદાના પેરા ૩૦ માં કરેલ અવલોકન ઉપર જાય છે,જે આ ચુકાદાની સરળતા ખાતર નીચે મુજબ રજુ કરવામાં આવે છે;

*"FAILURE OF ACCUSED TO REPLY TO NOTICE LEADS TO AN INFERENCE:-*
*30. This Court in MMTC Ltd. and Another vs. Medchl Chemicals & Pharma (P) Ltd. and Another, (2002) 1 SCC 234 has specifically held that when a statutory notice is not replied, it has to be presumed that the cheque was issued towards the discharge of liability."*

આમ, જયારે આરોપીપક્ષે તેઓના બચાવ મુજબનો કોઇ માંગણા નોટીશનો જવાબ ફરીયાદીને પાઠવેલ નથી અને ફરીયાદી દ્વારા આરોપીને નાણાં આપેલાની જે હકીકત જણાવેલ છે તે હકીકત સંદર્ભે કોઇ ખંડનાત્મક પુરાવો આરોપીપક્ષે રજુ કરેલ નથી. ત્યારે ફરીયાદવાળો ચેક આરોપીએ તેઓના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરીયાદીને આપેલ હોવાની હકીકત માનવાને કારણ રહે છે. આ સંજોગોમાં એક માત્ર આરોપીપક્ષે તકરાર ઉપસ્થિત કરવા માત્રથી આરોપીપક્ષ ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની

અનુમાનોનું ખંડન કરે છે, તેવુ કહી શકાય નહી. આ સંજોગોમાં આરોપીપક્ષનો એવો બચાવ કે, આ કામના ફરીયાદીને આરોપી પાસેથી તેઓના કથન મુજબની કોઈ કાયદેસરની લેણી રકમ લેવાની બાકી નીકળતી નથી અને આ કામના ફરીયાદી પાસેથી વ્યાજે નાણાં લીધેલ હતાં તે નાણાં ફરીયાદીને ચુકવી દીધેલ હોવાછતાં તે સમયે આરોપીએ ફરીયાદીને જે ચેક આપેલ હતો તે ચેક નાણાંકીય વ્યવહાર પુર્ણ થયા બાદ પણ પરત આપેલ નહી અને તે ચેકનો દુરઉપયોગ કરેલ છે, તે સ્વીકારવાપાત્ર નથી.

**(૧૧.૨)** આ કામના આરોપીપક્ષે બચાવ ઉપસ્થિત કરતાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદીએ આરોપીના સીકયોરીટી પેટે લીધેલ ચેકનો દુરઉપયોગ કરેલ છે. આરોપીપક્ષે આ બચાવ સંદર્ભે રજુ પુરાવો વંચાણે લેતાં અગાઉ કરેલ ચર્ચા મુજબ એ હકીકત સ્પષ્ટ છે કે, આ કામના આરોપીએ જે તકરાર ઉપસ્થિત કરેલ છે, તે સંદર્ભે કોઈ સ્પષ્ટ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં જો આરોપીનું એવું કથન હોય કે ફરીયાદવાળો ચેક ફરીયાદીને સીકયોરીટી પેટે આપેલ હતો તો ત્યારે એ આરોપીની ફરજ છે કે, જે દિવસે ફરીયાદવાળો ચેક ફરીયાદી દ્વારા તેઓની બેંકમાં વસુલાત માટે રજુ કરવામાં આવેલ હતો તે દિવસે ફરીયાદીને આરોપી પાસેથી કોઇ કાયદેસરની લેણી રકમ વસુલવાની રહેતી ન હતી, તે હકીકત સ્પષ્ટપણે પુરવાર કરે. વધુમાં અગાઉ કરેલ ચર્ચા મુજબ આ કામના આરોપીના કથન મુજબ તેઓએ ફરીયાદી પાસેથી અગાઉ જે વ્યાજેથી નાણાં લીધેલ હતાં તે વ્યાજ સહીતની રકમ તેઓએ ચુકવી દીધેલ હતી તો ત્યારબાદ આરોપી ફરીયાદી પાસે પડી રહેલ તેના સીકયોરીટી પેટેના ચેકની પરત માંગણી કરી શકે તેમ હતાં અને તે મતલબની ફરીયાદીને નોટીસ પણ આપી શકે તેમ હતાં પરંતુ તેવી કોઇ નોટીસ આરોપી દ્વારા ફરીયાદીને મોકલી ચેકની પરત માંગણી આરોપીપક્ષે કરવામાં

આવેલ નથી. વધુમાં રજુ પુરાવો વંચાણે લેતાં આ કામના આરોપીપક્ષે એવો કોઈ વિરૂધ્ધનો પુરાવો કે ફરીયાદીની હકીકતોને ખંડન કરતો પુરાવો રજુ કરેલ નથી કે જેથી આરોપીનો આ બચાવ માની શકાય. આ તબકકે આ અદાલતનું ધ્યાન નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા *Dashrathbhai Trikambhai Patel Versus Hitesh Mahendrabhai Patel, 2022 (0) AIJEL-SC 69962* ના ચુકાદાના પેરા નં. ૧૨ થી પેરા નં. ૧૪ માં કરવામાં આવેલ અવલોકન પર જાય છે જે આ ચુકાદાની સરળતા ખાતર નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે;

*"12. It must be noted that when a part-payment is made after the issuance of a post-dated cheque, the legally enforceable debt at the time of encashment is less than the sum represented in the cheque. A part- payment or a full payment may have been made between the date when the debt has accrued to the date when the cheque is sought to be encashed. Thus, it is crucial that we refer to the law laid down by this Court on the issuance of post-dated cheques and cheques issued for the purpose of security. In Indus Airways Private Limited v. Magnum Aviation Private Limited, (2014) 12 SCC 539, the issue before a two- Judge Bench of this Court was whether dishonour of post-dated cheques which were issued by the purchasers towards 'advance payment' would be covered by Section 138 of the Act if the purchase order was cancelled subsequently. It was held that Section 138 would only be applicable where there is a legally enforceable debt subsisting on the date when the cheque is drawn. In Sampelly Satyanarayana Rao v. Indian Renewable Energy Development Agency Limited, (2016) 10 SCC 458, the respondent advanced a loan for setting up a power project and post-dated cheques were given for security. The cheques were dishonoured and a complaint was instituted under Section 138. Distinguishing Indus Airways (supra), it was held that the test for the application of Section 138 is whether there was a legally enforceable debt on the date mentioned in the cheque. It was held that if the answer is in the affirmative, then the provisions of Section 138 would be attracted. In Sripati Singh v. State of Jharkand, 2021 SCC OnLineSC 1002 , this Court observed that if a cheque is issued as security and if the debt is not repaid in any other form before the due date or if there is no understanding or agreement between the parties to defer the repayment, the cheque would mature for presentation:*

*"17. A cheque issued as security pursuant to a financial transaction cannot be considered as a worthless piece of paper under every circumstance. 'Security' in its true sense is the state of being safe and the security given for a loan is something given as a pledge of payment. It is given, deposited or pledged to make certain the fulfilment of an obligation to which the parties to the transaction are bound. If in a transaction, a loan is advanced and the borrower agrees to repay the amount in a specified timeframe and issues a cheque as security to secure such repayment; if the loan amount is not repaid in any other form before the due date or if there is no other understanding or agreement between the parties to defer the payment of amount, the cheque which is issued as security would mature for presentation and the drawee of the cheque would be entitled to present the same. On such presentation, if the same is dishonoured, the consequences contemplated under Section 138 and the other provisions of N.I. Act would flow.*

*18. When a cheque is issued and is treated as 'security' towards repayment of an amount with a time period being stipulated for repayment, all that it ensures is that such cheque which is issued as 'security' cannot be presented prior to the loan or the instalment maturing for repayment towards which such cheque is issued as security. Further, the borrower would have the option of repaying the loan amount or such financial liability in any other form and in that manner if the amount of loan due and payable has been discharged within the agreed period, the cheque issued as security cannot thereafter be presented. Therefore, the prior discharge of the loan or there being an altered situation due to which there would be understanding between the parties is a sine qua non to not present the cheque which was issued as security. These are only the defences that would be available to the drawer of the cheque in a proceedings initiated under Section 138 of the N.I. Act. Therefore, there cannot be a hard and fast rule that a cheque which is issued as security can never be presented by the drawee of the cheque. If such is the understanding a cheque would also be reduced to an 'on demand promissory note' and in all circumstances, it would only be a civil litigation to recover the amount, which is not the intention of the statute. When a cheque is issued even though as 'security' the consequence flowing therefrom is also known to the drawer of the cheque and in the circumstance stated above if the cheque is presented and dishonoured, the holder of the cheque/drawee would have the option of initiating the civil proceedings for recovery or the criminal proceedings for punishment in the fact situation, but in any event, it is not for the drawer of the cheque to dictate terms with regard to the nature of litigation." (emphasis supplied) Based on the above analysis of precedent, the following principles emerge:*

*(i) Where the borrower agrees to repay the loan within a specified timeline and issues a cheque for security but defaults in repaying the loan within the timeline, the cheque matures for presentation. When the cheque is sought to be encashed by the debtor and is dishonoured, Section 138 of the Act will be attracted;*

*(ii) However, the cardinal rule when a cheque is issued for security is that between the date on which the cheque is drawn to the date on which the cheque matures, the loan could be repaid through any other mode. It is only where the loan is not repaid through any other mode within the due date that the cheque would mature for presentation; and(iii) If the loan has been discharged before the due date or if there is an 'altered situation', then the cheque shall not be presented for encashment.*

*13. In Sunil Todi v. State of Gujarat [2] , a two judge Bench of this Court expounded the meaning of the phrase 'debt or other liability'. It was observed that the phrase takes within its meaning a 'sum of money promised to be paid on a future day by reason of a present obligation'. The court observed that a post- dated cheque issued after the debt was incurred would be covered within the meaning of 'debt'. The court held that Section 138 would also include cases where the debt is incurred after the cheque is drawn but before it is presented for encashment. In this context, it was observed:*

*"26. The object of the Nl Act is to enhance the acceptability of cheques and inculcate faith in the efficiency of negotiable instruments for transaction of business. The purpose of the provision would become otiose if the provision is interpreted to exclude cases where debt is incurred after the drawing of the cheque but before its encashment. In Indus Airways, advance payments were made but since the purchase agreement was cancelled, there was no occasion of incurring any debt. The true purpose of Section 138 would not be fulfilled, if 'debt or other liability' is interpreted to include only a debt that exists as on the date of drawing of the cheque. Moreover, Parliament has used the expression 'debt or other liability'. The expression "or other liability' must have a meaning of its own, the legislature having used two distinct phrases. The expression 'or other liability' has a content which is broader than 'a debt' and cannot be equated with the latter. In the present case, the cheque was issued in close proximity with the commencement of power supply. The issuance of the cheque in the context of a commercial transaction must be understood in the context of the business dealings. The issuance of the cheque was followed close on its heels by the supply of power. To hold that the cheque was not issued in the context of a liability which was being assumed by the company to pay for the dues towards power supplied would be to produce an outcome at odds*

*with the business dealings. If the company were to fail to provide a satisfactory LC and yet consume power, the cheques were capable of being presented for the purpose of meeting the outstanding dues."*

*14. The judgments from Indus Airways (supra) to Sunil Todi (supra) indicate that much of the analysis on whether post-dated cheques issued as security would fall within the purview of Section 138 of the Act hinges on the relevance of time. In Indus Airways (supra), this Court held that for the commission of the offence under Section 138, there must have been a debt on the date of issuance of the cheque. However, later judgments adopt a more nuanced position while discussing the validity of proceedings under Section 138 on the dishonour of post-dated cheques. This Court since Sampelly Satyanarayana Rao (supra) has consistently held that there must be a legally enforceable debt on the date mentioned in the cheque, which is the date of maturity."*

આમ, ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપીત સિધ્ધાંતો ધ્યાને લેતાં આરોપીપક્ષની એવી દલીલ કે, ફરીયાદીએ આરોપીના સીકયોરીટી પેટે આપેલ ચેકનો દુરઉપયોગ કરેલ છે, તે દલીલ સ્વીકારવા પાત્ર નથી.

(૧૧.૩) આરોપીપક્ષે દલીલ કરતાં જણાવેલ છે કે, ફરીયાદીએ આરોપીના કોરા ચેકનો દુરઉપયોગ કરેલ છે. આરોપીપક્ષની આ દલીલ સંદર્ભે રજુ પુરાવો વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ છે કે, આ કામના આરોપીએ તેની સામેની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન કોઇ પણ તબકકે ફરીયાદવાળા ચેકમાંની તેઓની સહીનો ઇન્કાર કરેલ નથી. વધુમાં, આરોપીપક્ષે એવી પણ કોઇ હકીકત રજુ કરેલ નથી કે, જે દિવસે ફરીયાદવાળો ચેક બેંકમાં રજુ થયેલ તે દિવસે આરોપીએ તેના બેંક ખાતામાં ચેકમાં જણાવેલ રકમ જેટલું પુરતું ભંડોળ રાખેલ હતું. આ કામના આરોપીપક્ષે લીધેલ એવો બચાવ કે, આરોપીએ ફરીયાદી સાથેના અગાઉના નાણાંકીય વ્યવહાર સમયે જે ચેક આપેલ હતાં તે ચેક તે નાણાંકીય વ્યવહાર પુર્ણ થઇ ગયેલ હોવાછતાં ફરીયાદીએ આરોપીને પરત કરેલ નહી અને તે ચેકનો

દુરઉપયોગ કરેલ છે, પરંતુ આરોપીપક્ષેનો આ સંભવીત બચાવ અગાઉ કરેલ ચર્ચા મુજબ આરોપીપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આ સંજોગોમાં અધિનીયમ,૧૮૮૧ ની કલમ–૨૦ અને કલમ–૮૭ માં કરવામાં આવેલ કાનુની જોગવાઇ ધ્યાને લેતાં તથા રજુ પુરાવા ધ્યાને લેતાં ફરીયાદપક્ષે ફરીયાદવાળા ચેકમાં એવો કોઇ મહત્વનો ફેરફાર કરવામાં આવેલ હોય કે જે ફરીયાદની મુળ હકીકતમાં સીધેસીધી શંકા ઉપસ્થિત કરતાં હોય તેવી કોઇ ખંડનાત્મક હકીકત આરોપીપક્ષે રજુ કરેલ નથી. વધુમાં ફરીયાદીનો એવો કેસ નથી કે, આરોપીએ ફરીયાદીને તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે કોરો ચેક આપેલ. આ કામના આરોપીએ સદર ચેક તેઓના બેંક ખાતાનો નથી તેવી કોઇ તકરાર ઉપસ્થિત કરેલ નથી. વધુમાં એક તબકકે જો આરોપીપક્ષની એવી દલીલ કે, સદર ફરીયાદવાળો ચેક કોરો હતો અને તેની વિગતો ફરીયાદીએ ભરેલ છે તો પણ જયારે કોરો ચેક આપવામાં આવે ત્યારે તે ચેકની વિગત ભરવા માટે મુક સંમતી આપવામાં આવેલાનું અનુમાન કરવાનુ રહે છે, સીવાય કે ફરીયાદવાળા ચેકમાં એવો કોઇ મહત્વનો ફેરફાર કરવામાં આવેલ હોય કે જે ફરીયાદની મુળ હકીકતમાં સીધેસીધી શંકા ઉપસ્થિત કરતાં હોય. આ કામના આરોપીપક્ષે એવી કોઇ હકીકત રેકર્ડ પર લાવેલ નથી કે જેથી આરોપીપક્ષની તકરાર સ્વીકારવા પાત્ર જણાય. આ સંજોગોમાં એક માત્ર તકરાર લેવા માત્રથી આરોપીપક્ષ ફરીયાદની તરફેણમાં કરવામાં આવતા કાનુની અનુમાનોનું ખંડન કરે છે તેવુ કહી શકાય નહી. વધુમાં, આ તબકકે અદાલતનું ધ્યાન નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા *Bir Singh v. Mukesh Kumar, (2019) 4, SCC 197* ઉપર પ્રસિધ્ધ થઇ ચુકાદાના પેરા–૩૩ અને પેરા–૩૬ માં કરવામાં આવેલ અવલોકન પર જાય છે, જે આ ચુકાદાની સરળતા ખાતર નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે;

*" 33. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted."*

*"36. Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt."*

આમ, ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપિત સિંધ્ધાતો તથા હાથ પરના કેસની હકીકત ધ્યાને લેતાં જયારે આંક-૧૦ થી રજુ ફરીયાદવાળો ચેક આરોપીના ખાતાનો છે અને તે ચેકમાં આરોપીની સહી છે ત્યારે આરોપીપક્ષે કરવામાં આવેલ એવી દલીલ કે, ફરીયાદીએ આરોપીના કોરા ચેકનો દુરઉપયોગ કરેલ છે તે દલીલ સ્વીકારવા પાત્ર નથી.

**(૧૧.૪)** કેસની સમગ્ર હકીકત ધ્યાને લેતાં, આ કામના ફરીયાદીએ આરોપીને તેઓની અંગત જરૂરીયાત અર્થે રૂ.૬,૦૦,૦૦૦/-(અંકે રૂપીયા છ લાખ પુરા) હાથઉછીના આપેલ અને આ કામના આરોપીએ ફરીયાદીને તેના કાયદેસરના દેવાની ચુકવણી પેટે આઇ.સી.આઇ.સી.આઇ. બેંક, ઇન્દીરા માર્ગ, જામનગર શાખાનો તા.૨૧/૦૬/૨૦૨૩ ના રોજનો ચેક નં. ૦૨૯૫૩૫ નો આપેલ, જે ચેક તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ *"અપુરતાં ભંડોળ"* ના શેરા સાથે પરત ફરેલ જે ચેકમાં આરોપીની સહી છે, તે સ્વીકૃત હકીકત છે. ત્યારે ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની અનુમાનોનું આરોપીપક્ષે કોઇ ખંડન કરેલ નથી અને આરોપીએ તેના કાયદેસરના

દેવાની ચુકવણી માટે ફરીયાદવાળો ચેક આપેલ હતો અને તે ચેક ફરીયાદીએ જે બેંકમાં પોતાનું ખાતું નિભાવતાં હતાં તે બેંકમાં ભરણાં માટે મોકલતાં સદર ચેક *"અપુરતાં ભંડોળ"* ના શેરા સાથે પરત ફરેલ છે અને ત્યારબાદ ફરીયાદીએ આરોપીને ચેક પરત ફર્યા અંગે તથા ચેકમાં જણાવેલ કાયદેસરની લેણી રકમ ચુકવવા માટે કાનુની નોટીસ પાઠવતાં તે કાનુની નોટીસનું પણ પાલન નહી કરી અધિનીયમ, ૧૮૮૧ ની કલમ ૧૩૮ અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો આચર્યા અંગેની હકીકત ફરીયાદીએ પુરવાર કરેલ છે. હાથ ઉપરના કેસમાં રજુ સંપુર્ણ પુરાવો વંચાણે લેતાં આરોપીએ કોઈ પણ તબકકે ચેકમાંની પોતાની સહીનો ઈન્કાર કરેલ નથી તથા જે બચાવ આરોપી પક્ષે જણાવેલ છે તે મુજબનો કોઈ ખંડનાત્મક પુરાવો અદાલત સમક્ષ રજુ કરેલ નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષે રજુ પુરાવો તથા આરોપીનો બચાવ ધ્યાને લેતાં જયારે એ હકીકત સ્પષ્ટ છે કે, ફરીયાદવાળા ચેકમાં આરોપીની સહી છે અને આરોપીએ તેઓના બચાવ મુજબનો કોઈ પુરાવો રજુ કરેલ નથી અને ફરીયાદીની હકીકતોનું ખંડન કરતો પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી, ત્યારે એક માત્ર બચાવ ઉપસ્થિત કરવા માત્રથી આરોપીપક્ષ ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની અનુમાનોનું ખંડન કરે છે તેવુ કહી શકાય નહી. વધુમાં, આ તબકકે અદાલતનું ધ્યાન નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા *Rohitbhai Jivanlal Patel v. State of Gujarat and Another, AIR 2019 SC 1876* ઉપર પ્રસિધ્ધ થઈ ચુકાદાના પેરા–પેરા–૨૦ માં કરવામાં આવેલ અવલોકન પર જાય છે, જે આ ચુકાદાની સરળતા ખાતર નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે;

*"20. On the aspects relating to preponderance of probabilities, the accused has to bring on record such facts and such circumstances which may lead the Court to conclude either that the consideration did not exist or that its nonexistence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea that the consideration did not exist. This Court has, time and again, emphasized that though there may not*

*be sufficient negative evidence which could be brought on record by the accused to discharge his burden, yet mere denial would not fulfil the requirements of rebuttal as envisaged under Section 118 and 139 of the NI Act....."*

આમ, ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપિત સિંધ્ધાતો તથા હાથ પરના કેસની હકીકત ધ્યાને લેતાં જયારે આંક-૧૦ થી રજુ ફરીયાદવાળો ચેક આરોપીના બેંક ખાતાનો છે અને તે ચેકમાં આરોપીની સહી છે તથા ફરીયાદવાળો ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવેલ તે સંદર્ભે આરોપીપક્ષે કોઇ સંતોષકારક ખુલાસો કરેલ નથી, ત્યારે આરોપીપક્ષે લેવામાં આવેલ એવો બચાવ કે, ફરીયાદીએ આરોપીના ચેકનો દુરઉપયોગ કરેલ છે, તે બચાવ સ્વીકારવા પાત્ર નથી.

(૧૨) આમ, હાથ ઉપરના કેસની હકીકત તથા રજુ થયેલ પુરાવો તથા બંન્ને પક્ષે વિ.વકીલશ્રીની રજુઆત તથા ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપીત સિધ્ધાંતો ધ્યાને લેતાં ફરીયાદપક્ષની એ હકિકત સાબીત થાય છે કે, આ કામના આરોપીએ ફરીયાદવાળો ચેક તેઓના કાયદેસરના દેવા પેટેની ચુકવણી અર્થે ફરીયાદીને આપેલ હતો અને તે ચેક ફરીયાદીએ તેઓની બેંકમાં જમા કરાવતાં સદર ચેક *અપુરતાં ભંડોળ* ના શેરા સાથે પરત ફરેલ અને તેની માંગણાં નોટીસ આરોપીને ફરીયાદી ધ્વારા આપવામાં આવેલ, પરંતુ આરોપીએ તે નોટીસનું પાલન કરેલ નહી અને નિર્ધારીત કરેલ સમયમર્યાદામાં નાણાં ચુકવી આપેલ નહી અને આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે અને આરોપી તેની સામેની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની અનુમાનનું ખંડન કરી શકેલ નથી, જેથી આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવો ન્યાયોચિત જણાય છે. આ સંજોગોમાં ઉપરોકત કરેલ ચર્ચા

મુજબ આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસ થકી તથા જે દસ્તાવેજો પર આરોપીએ આધાર રાખેલ છે તે થકી ફરીયાદીની તરફેણમાં કરવામાં આવતાં કાનુની અનુમાનોનું ખંડન કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયલ પધ્ધતિથી ચલાવવામાં આવેલ હોય તે સંજોગોમાં પક્ષકારોને સજા અંગે સાંભળવાની કોઈ આદેશાત્મક જોગવાઈ નથી. વધુમાં આરોપી આજરોજ અદાલત સમક્ષ હાજર નથી. વધુમાં, આરોપી સામેનો ગુનો તે આર્થિક પ્રકારનો ગુનો હોય, આરોપીને પ્રોબેશ ઓફ ઓફેન્ડર્સ એકટ, ૧૯૫૮ માં કરવામાં આવેલ જોગવાઈનો લાભ આપવો ન્યાયોચીત જણાતું નથી. આમ, ઉપરોકત ચર્ચાના આધારે મુદ્દા નં.૧ નો નિર્ણય હકારાત્મક અને મુદ્દા નં.૨ નો નિર્ણય નકારાત્મક ઠરાવી ચેકની રકમ તથા કેસની હકીકત ધ્યાને લેતાં મુદ્દા નં.૩ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## -: આ ખ રી હુ ક મ :-

૧) આ કામના આરોપી અજય બી. પીઠીયા, રહે. ગામ-બામણવાડ, તા.માંગરોળ, જી.જુનાગઢ, નોકરીનું ઠે. એચ.ડી.એફ.સી. બેંક, ગ્રાઉન્ડ ફલોર, ટાવર રોડ, ઓલ્ડ બસ સ્ટેશન, માંગરોળ, જુનાગઢનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી ૨ (બે) વર્ષની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૫૭ અન્વયે ચેકમાં જણાવ્યા મુજબની રકમ રૂ.૬,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા છ લાખ પુરા) આ કામના ફરીયાદીને વળતર પેટે સદરહું હુકમની તારીખથી એક માસમાં ચુકવી આપવાનો હુકમ કરવામાં

આવે છે. વધુમાં જો આરોપી વળતરની રકમ હુકમ મુજબ ફરીયાદીને ચુકવવામાં કસુર કરે તો આરોપીને વધુ ચાર માસની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ-૪૩૭(અ) અન્વયેના રૂ.૧૫,૦૦૦/- ના અપીલ સમય સુધીના જામીન લેવામાં આવેલ છે.

(૪) આરોપીને હુકમની એક નકલ વિનામુલ્યે તાત્કાલીક પુરી પાડવી.

હુકમ આજરોજ તા.૧૧ ના રોજ, જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

જામનગર
તા. ૧૧/૦૬/૨૦૨૬

**(ભાસ્કરકુમાર રામેશ્વરપ્રસાદ દવે)**
(બીજા એડી. સીની. સિવીલ જજ
અને એડી. ચીફ જયુડી. મેજી. )
જામનગર
**CODE NO.GJ 01073**

**(DIRECT)** KGJ